# સરપંચના અધિકારો છિનવી લેવાના સરકારના નિર્ણયનો ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ દ્વારા વિરોધ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે ગુજરાત પંચાયત સેકન્ડ એમેન્ડમેન્ટ ૨૦૧૭ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૫૫માં સુધારો કરી ગ્રામ પંચાયતના ફંડમાંથી નાણાં ઉપાડવાની સત્તાઓ જે અગાઉ સરપંચ અને પંચાયતે અધિકાર આપેલ પંચાયતના બે સભ્યો પૈકી એક સભ્યની સહીથી કરવામાં આવતી હતી. તેના બદલે હવે સરપંચ અથવા પંચાયતના એક સભ્ય અને પંચાયતના સેક્રેટરીની (ત.ક.મંત્રી)ની સહી ફરજીયાત કરવામાં આવેલ છે. આમ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા હોદ્દેદારોના અધિકારોમાં તરાપ મારી અમલદાર શાહીને મહત્વ આપવાના નિર્ણયથી સરપંચોમાં અસંતોષની લાગણી પ્રવર્તે છે. સરપંચ ગ્રામ પંચાયતના જવાબદાર હોદ્દેદાર છે અને પંચાયતીરાજ અમલમાં આવ્યુ ત્યારથી સરપંચોને કાયદાથી આ અધિકારો પ્રાપ્ત થયેલા હતા.

સરપંચોના અધિકારો ઉપર નિયંત્રણ મુકવાથી પંચાયત વિસ્તારના ગ્રામજનોમાં પણ સરપંચ પ્રત્યે સરકારને અવિશ્વાસ છે તેવી માન્યતા દ્રઢ બનશે. સરપંચ ગ્રામ પંચાયતના જવાબદાર હોદ્દેદાર છે તેવા સંજોગોમાં પંચાયતના સેક્રેટરીને નાણાંકીય સત્તા આપવાનો સરકારનો નિર્ણય પંચાયતીરાજની ઉપેક્ષા કરવા બરાબર છે. પંચાયતીરાજમાં ગ્રામ પંચાયત પાયાની સંસ્થા છે. પાયાની સંસ્થાઓના હોદેદારોને તેમના અધિકારોથી વંચિત રાખવાના સરકારના નિર્ણયના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

સરપંચો તેમને કાયદાથી પ્રાપ્ત થયેલ અધિકારો અંગે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ ઉગ્ર લડત આપશે તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ રાજેન્દ્ર પારધીએ એક નિવેદનમાં જણાવેલ છે. પંચાયત પરિષદ દ્વારા તેનો વ્યાપક વિરોધ કરવામાં આવનાર છે અને સરપંચોને પણ તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરી સરકારના આ નિર્ણય સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો આશરો લેવા અનુરોધ કરવામાં આવે છે. સરકાર આ બાબતે તાકીદે ફેર વિચારણા કરે તે અંગે પણ રાજેન્દ્ર પારધીએ અનુરોધ કરેલ છે.




## વડાપ્રધાનને અમદાવાદ એરપોર્ટ પર ભાવપૂર્ણ વિદાયમાન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની બે દિવસની મુલાકાત પૂર્ણ કરી દિલ્હી જવા બપોરે રવાના થયા ત્યારે અમદાવાદ એરપોર્ટ ખાતેથી તેમને ભાવપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, શહેર મેયર ગૌતમભાઈ શાહ, મંત્રી મંડળના સભ્યો, ભા.જ.પા. પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મુખ્ય સચિવ જે.એન.સીંઘ, પોલીસ મહાનિદેશક ગીથા જોહરી, અમદાવાદ જિલ્લા કલેકટર અવંતિકાસીંઘ, ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જાપાનના રાજદુત કેનજી હીરામત્સુ વડનગરની મુલાકાતે

મહેસાણા, ૨૩

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે જાપાનના રાજદુત કેનજી હીરામત્સુ તથા રોઝી નોડા કન્સલ્ટ જનરલ ઓફ જાપાને મુલાકાત કરી હતી. આ મુલાકાત પ્રસંગે પ્રધાનમંત્રીના જન્મસ્થાન અને બૌધ્ધ સ્તુપની મુલાકાત કરી હતી.



જાપાનના રાજદુત કેનજી હીરામત્સુએ ગુજરાતમાં બૌધ્ધ ધર્મના ઐતિહાસિક વારસાની જાળવણી અને સંશોધનમાં સરકારે પ્રોત્સાહક અભિગમમાં ખૂબજ ઊંડો રસ દાખવ્યો છે તે બદલ સહર્ષ અભિલાષા વ્યકત કરી હતી. રાજદુત બૌધ્ધ સ્તુપ નિહાળી પ્રભાવિત થયા હતા. તેમણે આ ઐતિહાસિક સ્થળની ઉત્સુકતાથી વિગતો મેળવી નગરમાં ધરબાયેલા પૌરાણિક વારસાને વિશ્વમાં ઉજાગર કરવાના સરકારના પ્રયાસોને બિરદાવ્યા હતા.

આનર્ત પ્રદેશની પ્રાચીન પુરાતત્વીય નગરી વડનગરના પેટાળમાં ધરબાયેલા અતિપ્રાચીન અવશેષો શોધી કાઢવા માટે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આ ઉત્ખન્ન કામગીરી કરવામાં આવી રહી છે. વડનગરમાં વિવિધ જગ્યાઓ પર ખોદકામ દરમ્યાન બૌદ્ધકાલિન સ્તૂપ તેમજ મઠ ઉપરાંત મૌર્ય અને સોલંકી કાલિન અવશેષો મળી આવ્યા હતા. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા પુનઃ વડનગરની ધરતીમાં ઉત્ખન્ન કરાઈ રહ્યું છે. જેમાં નગરીનું કેવા પ્રકારનું બાંધકામ હતું. કયા કયા અવશેષો ધરબાયેલા છે અને કઈ સદીના લોકો અહીં રહેતા હતા વગેરેની માહિતી મેળવવા વિવિધ જગ્યાએ ખોદકામ થઈ રહ્યું છે.

રાજદુતની મુલાકાત પ્રસંગે યાદગીરી રૂપે નગરપાલિકા પ્રમુખે કિર્તીતોરણની પ્રતિકૃતિ મોમેન્ટો સ્વરૂપે આપી હતી.




## કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકર્તાઓને નજરકેદ રખાયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા ગાંધીનગર આવ્યા હતા. રાત્રી રોકાણ રાજભવન ખાતે કર્યા બાદ સવારે મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકનો કાર્યક્રમ હતો.વિરોધપક્ષ કોંગ્રેસના કાર્યકરો મોદીની અવરજવર દરમિયાન આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શન કાર્યક્રમ કરે તેવી શકયતાના ઈનપુટ પોલીસને મળતા આજે સવારથી સાંજ સુધી ગાંધીનગર સે-૨૨ ખાતે કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકર્તાઓને પોલીસે નજરકેદ કરી રાખ્યા હતા. કોંગ્રેસ જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભીના જણાવ્યા અનુસાર મહિલા કાર્યકરો મોદીને બંગડીઓ આપવા જવાની હતી અને વિરોધ પ્રદર્શિત કરવાની હતી. પરંતુ સવારે ૮ વાગ્યાથી સાંજના ૫ કલાક સુધી પોલીસે કાર્યાલયને લોખંડી પહેરો આપી આગેવાનો કાર્યકરોને નજરકેદ કરી દીધા હતા.

# ગાંધીનગરમાં સાર્ક આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું ઉદ્ઘાટન

નવેમ્બર ૨૦૧૬માં ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (જીઆઈડીએમ), ગાંધીનગર, ગુજરાત ખાતે સાઉથ એશિયા એસોસિયેશન ઓફ રિજનલ કો-ઓપરેશન (સાર્ક) આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (એસડીએમસી) ના આંતરીક એકમ (આઈયુ)ની રચના કરવામાં આવી છે. આઠ સભ્ય દેશો, એટલે કે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાને એસડીએમસી (આઈયુ) દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગેની સેવા પુરી પાડવામાંઆવશે. શ્રી વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત, તા. ૨૪મી મેના રોજ સવારના ૦૯:૩૦ કલાકે સાર્ક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરનુ ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત એસડીએમસી ખાતે, તા. ૨૪થી ૨૬ મે, ૨૦૧૭ દરમિયાન "એપ્લીકેશન ઓફ સ્પેસ ટેકનોલોજી ઈન મોનિટરિંગ અને મેનેજિંગ રિસ્કિસ" પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

# એકવીસમી સદીમાં એશિયા અને આફ્રિકા બંને માટે સમાન તક : અરૂણ જેટલી

## ભારત ૨૦૧૭માં ૭.૨ ટકા અને ૨૦૧૮માં ૭.૭ ટકાના દરે વિકાસદર રહેશે : દેશ ઓછા રોકડ વ્યવહારની તરફ

ગાંધીનગર, તા.૨૩

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદી માત્ર એશિયાની નથી, પરંતુ એશિયા અને આફ્રિકા બંને માટે સમાન છે. મંત્રી આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની ૫૨મી વાર્ષિક બેઠકના ઉદ્ઘાટન સમારંભમાં બોલી રહ્યા હતા. જેટલીએ જણાવ્યું કે, હાલના પડકારરૂપ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આઈએમએફના જાન્યુઆરી ૨૦૧૭ના અંદાજ મુજબ, ભારત ૨૦૧૭માં ૭.૨ ટકાના દરે જ્યારે ૨૦૧૮માં ૭.૭ ટકાના દરે વિકસવાની શક્યતા છે. આ ઉપરાંત વિમુદ્રીકરણ જેવા ઐતિહાસિક પગલાને કારણે દેશ ઓછા રોકડ વ્યવહારો તરફ આગળ વધ્યો છે. આ ઉપરાંત અંદાજપત્ર રજુ કરવાની પ્રક્રિયા, જીએસટી તથા એફડીઆઈ નીતિમાં ઉદારીકરણ જેવા મુખ્ય પગલા લેવામાં આવ્યા છે. બીજી તરફ, આફ્રિકા પણ આર્થિક ક્ષેત્રે ઉમદા પ્રદર્શન કરી રહ્યું છે. આફ્રિકન અર્થવ્યવસ્થા ૨૦૧૬માં ૨.૨ ટકાના દરે વિકસી છે અને ચાલુ વર્ષે ૩.૪ ટકાના દરે વિકસવાનો અંદાજ છે. આફ્રિકામાં મધ્યમ વર્ગ વધી રહ્યો છે સાથો સાથ ખર્ચ કરવાની ક્ષમતા પણ વધી રહી છે. જે તકોના નવા દ્વાર ખોલશે. જેટલીએ ભારત આફ્રિકા ભાગીદારી વિશે જણાવતા કહ્યું કે, ભારતની વિકાસાત્મક ભાગીદારી દક્ષિણ-દક્ષિણ સહકાર અને સ્વૈચ્છિક ભાગીદારીના સિદ્ધાંતો પર આધારિત છે. તેની વિશેષતા સ્વૈચ્છિક ભાગીદારી છે કે જેમાં, ભાગીદાર પર કોઈ વસ્તુ લાવવામાં આવતી નથી અને ભાગીદાર પોતાના માટે શું શ્રેષ્ઠ છે, તે નક્કી કરવા માટે સ્વતંત્ર છે. અમારી પ્રતિબદ્ધતા આફ્રિકા સાથે ઉચ્ચસ્તરીય આદાન પ્રદાનમાં પ્રતિબિંબિત થાય છે. ભારતના રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આફ્રિકાના ૧૬ દેશોને મુલાકાત લીધી છે.







## પાલનપુરના ભરોડ પાટિયા પાસે અકસ્માત : રીક્ષાને આગચાંપી

પાલનપુર તાલુકા ના ભરોડ નજીક રીક્ષા અને બાઈક વચ્ચે ના અકસ્માત મા બાઈક ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો જોકે કોઈ અજાણ્યા ઈસમો એ રીક્ષા ને આગ ચાંપી ફરાર થઈ ગયા હતા આ ઘટના મા ઘાયલ ને પાલનપુર સિવિલ મા ખસેડાયો હતો ગતરોજ આ માર્ગ પર એક બાઈક ચાલક નું મોત નીપજ્યું હતું જોકે અકસ્માતોની વણઝાર થી પૂરપાટ દોડતા સટલીયા ચાલકો સામે લોક રોષ ઉતપન્ન થવા પામ્યો છે.

# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે ખેડૂત શેડ ઉદઘાટન સમારોહ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કમાલપુર અને સલાલ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે બનાવેલ બન્ને ખેડૂત શેડનું ઉદ્દઘાટન સમારોહ યોજાયો.



પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર તથા સલાલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા રાજય સરકાર ની યોજના અન્વયે મળેલ ૧૦૦ ટકા સહાયથી ૫૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ ખેડૂત શેડનું ઉદ્દઘાટન સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકના ચેરમેન મહેશભાઈ પટેલના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું જયારે પાંચ લાભાર્થીઓને સગડી બોટલ સહિતની કિટ વિતરણ કરવામાં આવી હતી જયારે આ પ્રસંગે શેલ્બી હોસ્પિટલના સહિયોગથી ખેડૂત ચેકઅપ કેમ્પ પણ યોજાયો હતો આ પ્રસંગે પૂર્વ કાયદા મંત્રી અને સમારંભ ના અધ્યકશ વિરેન્દ્રસિંહ, જયેન્દ્રસિંહ રાઠોડ, માર્કેટયાર્ડ ના ચેરમેન ભોગીલાલ પટેલ, સેક્ટર ચંદુભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, ભાજપ તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ , બીપીનભાઈ પટેલ સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુક્તિ અભિયાન.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકોને આ સ્ક્રીનીંગમાં આવરી લેવામાં આવશે. જેમાં ૬ હજાર જેટલા બાળકોનું પ્રથમવાર સ્કેનીંગ કરાશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર દહેગામમાં ૩૨,૬૩૭ બાળકો, ગાંધીનગરમાં ૪૩,૯૫૦ બાળકો, કલોલમાં ૪૫,૧૬૧ બાળકો અને માણસામાં ૨૮,૭૦૮ બાળકોને આ સ્કેનીંગમાં આવરી લેવામાં આવશે.

જિલ્લામાં જન્મ્યા હોય પરંતુ અન્ય કારણોસર જિલ્લા બહાર રહેવા ગયા હોય તેવા બાળકોની સંખ્યા ૩ હજાર જેટલી હોવાનું પણ તંત્રના બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્ર દ્વારા આ માટે માઈક્રોપ્લાનીંગ હાથ ધરવામાં આવ્યુ છે અને તે આ સપ્તાહના અંત સુધીમાં આખરી થઈ જશે તેમ પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

## દર્દી મળ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દર્દી સચિવાલય સંકુલમાં ફરજો બજાવે છે અને સે-૧૪માં રહે છે. અંદાજે ૫૫ વર્ષની આયુ ધરાવતા આ દર્દીને છેલ્લા બે ત્રણ દિવસથી તાવની ફરિયાદ હતી. ગાંધીનગર શહેરની નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતી.

જયાં આજે તેના નમુનાઓના પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો હતો. તંત્રને આની જાણકારી મળતાં જ તાબડતોબ સર્વેલન્સ અને દર્દી સાથેના સંપર્કમાં રહેલ પરિવારના નજીકના સભ્યોને સર્વેલન્સ હેઠળ આવરી લીધા હતા. જો કે કોઈને કંઈ જ ફરિયાદ ન હોવાનું તેમજ શંકાસ્પદ તાવના પણ કોઈ દર્દી મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર મનપાના મેડીકલ ઓફિસર હેલ્થે તમામ હેલ્થ સેન્ટરોના તબીબોને સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા જણાવ્યું છે.

## પ્રથા અમલી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંગેના રિપોર્ટસ અને તેની નિભાવણી અલગથી કરવામાં આવે છે તે ઉલ્લેખનીય છે. જિલ્લા પંચાયતમાં તેના સફળ અમલીકરણ બાદ તે તાલુકા કક્ષાએ પણ અમલી બનાવવાની વાત વિચારણામાં લેવાશે.

પ્રા. શાળાઓમાં બાળકો અને શિક્ષકોની ઓનલાઈન એટેન્ડેન્સ પ્રથા દાખલ કરાયા બાદ વહીવટીય સંકુલમાં પણ બાયોમેટ્રીક એટેન્ડેન્સ સિસ્ટમ લાગુ કરી વહીવટીય પદ્ધતિના બદલાવમાં મહત્વના કદમ તંત્ર દ્વારા ઉઠાવવામાં આવ્યા છે.

## ખભેખભા મિલાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેન્કની વાર્ષિક બેઠકના શુભારંભ સમારોહમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભારતે રેલવે, હાઈ-વે, પાવર અને ગેસ પાઈપલાઈન જેવી આંતરમાળખાકીય સુવિધાઓમાં, મૂડીરોકાણમાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. આગામી વર્ષ સુધીમાં ભારતનું એક પણ ગામડું વીજળીકરણ વિનાનું નહીં હોય. ‘ક્લીન ગંગા’, પુનઃપ્રાપ્ય ઊર્જા, ડીજીટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટી, દરેક માટે ઘર અને સ્કીલ ઈન્ડિયા ઝુંબેશથી સ્વચ્છ, સમૃદ્ધ અને વિકાસશીલ ‘નૂતન ભારત’નું નિર્માણ થઈ રહ્યું છે. આવનારા સમયમાં ભારત ક્લાઈમેન્ટ ફ્રેન્ડલી વિકાસ માટે ઉદાહરણરૂપ ‘ગ્રોથ એન્જિન’ બને એવું અમારું લક્ષ્ય છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, વ્યાપાર પ્રવૃત્તિ માટે વિખ્યાત ગુજરાતીઓ આફ્રિકા પ્રત્યેના પ્રેમ માટે પણ પ્રખ્યાત છે. એક ભારતીય તરીકે અને વિશેષ કરીને એક ગુજરાતી તરીકે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો કે, આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની બેઠક ભારતમાં-ગુજરાતમાં યોજાઈ રહી છે. તેમણે પૂર્વીય આફ્રિકા સાથે ગુજરાત અને ભારતના ઐતિહાસિક અનુસંધાનો અને સામ્યતાઓ વર્ણવીને કહ્યું હતું કે, આ બેઠક આબિદજન અમદાવાદ સાથે જોડશે. બામકો અને બેંગ્લોર વચ્ચે બિઝનેસ લિન્ક સ્થપાશે. ચેન્નાઈ અને કેપટાઉન ક્રિકેટીંગ લિન્કથી કનેક્ટ થશે. દિલ્હી અને દાકર ડેવલપમેન્ટ લિન્કથી જોડાશે. નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, આફ્રિકા સાથેની ભારતની પાર્ટનરશીપ શ્રેષ્ઠ વિકાસ સહયોગના પાયા પર રચાયેલી છે, જે આફ્રિકન દેશોની જરૂરિયાતોની પરિપૂર્તિ કરશે. આ સહયોગ આફ્રિકન દેશોની આવશ્યકતા અનુસાર અપેક્ષા રહિત રહેશે.

વડાપ્રધાનએ સંયુક્ત રાષ્ટ્રસંઘની પેરિસમાં યોજાયેલી ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં જાહેર કરાયેલી ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ માટે આફ્રિકન દેશોના પ્રોત્સાહક પ્રતિભાવની પણ નોંધ લીધી હતી.

કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી જણાવ્યું હતું કે ભારત અને આફ્રિકા વચ્ચે ડેમોગ્રાફિક સામ્યતા તો છે જ પરંતુ સાથે સાથે સામાજિક અને આર્થિક વિકાસ માટેના પડકારો પણ સરખા છે. ત્યારે ભારત અને આફ્રિકા વચ્ચેનો વ્યાપાર વિકાસ અને આર્થિક સંબંધો નવા આયામો પ્રસ્થાપિત કરશે.

ભારતમાં કૃષિક્ષેત્રે વધુ વિકાસની વિશાળ તકો છે ત્યારે ભારત અને આફ્રિકા વચ્ચે સિંચાઈ, જળ વ્યવસ્થાપન, ફૂડ પ્રોસેસિંગ, કઠોળની ખેતી જેવાં ક્ષેત્રોમાં વધુ આદાન પ્રદાન થઈ શકે તેમજ બંને દેશો એકબીજા પાસેથી આ બાબતે વધુ વિકાસની પદ્ધતિઓ અપનાવી શકે છે.

આ પ્રસંગે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ગ્રુપના પ્રમુખ શ્રીયુત અકીવુમી આદેસિના (Akinwumi Adesina) એ બેન્કની બાવનમી વાર્ષિક બેઠકના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતે ઔદ્યોગિક, કૃષિ, સિંચાઈ, આરોગ્ય, ચોવીસ કલાક વીજળી વગેરે ક્ષેત્રે જે વિકાસ સાધ્યો છે તે ખરેખર પ્રેરણાદાયી છે. તેમણે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રભાવશાળી નેતૃત્વને પરિણામે વિકાસને નવી દિશા મળી છે તેમ પણ જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઈન્ડિયા-આફ્રિકા સંબંધો અંગે તેમજ AFDBના હાઈ-ફાઈવ વિશે એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

## ચોકીઓ ફૂંકી માગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ન હતી પરંતુ એક વિડિયો ક્લીપ રજૂ કરી હતી જેમાં એક વન્ય વિસ્તારમાં બોંબમારો અને વિસ્ફોટક બાદ ધુમાડા જોવા મળી શકે છે. ભારતીય સેનાના એડીજીટીઆઈ મેજર જનરલ અશોક નરુલાએ કહ્યું હતુંકે, આતંકવાદીઓને રોકવા માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે. ભારતીય સેનાએ નૌશેરા સેક્ટર સાથે જોડાયેલી પાકિસ્તાની સેનાની પોસ્ટને પણ ફૂંકી મારી છે. જે પોસ્ટને ફૂંકી મારવામાં આવી છે ત્યાથી હાલમાં ઘુસણખોરી થઈ રહી હતી. મેજર જનરલ નરુલાએ કહ્યું હતું કે, અંકુશરેખા નજીકના વિસ્તારોમાં કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, ભારતીય સેના આ બાબતને લઈને સંપૂર્ણપણે વાકેફ છે કે, બરફ ઓગળી ગયા બાદ ઘુસણખોરીના પ્રયાસોમાં તેજી આવશે. ભારતીય સેના અંકુશરેખા પર સંપૂર્ણ સક્રિયતા સાથે સજ્જ છે. અંકુશરેખા નજીક આતંકવાદી ઘુસણખોરીને પ્રોત્સાહન આપનાર પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે. સેનો આ કાર્યવાહી ૯મી મેના દિવસે કરી હતી. ઓપરેશનને અંજામ આપવા માટે સેનાએ ચાર પ્રકારના હથિયારોનો ઉપયોગ કર્યો હતો જેમાં રોકેટ લોન્ચર્સ, એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલ, ઓટોમેટેડ ગ્રેનેડ લોન્ચર્સનો સમાવેશ થાય છે. અલબત આ બાબતનો ખુલાસો પણ થયો છે કે, તમામ મોરચા પર પછડાટ મળી હોવા છતાં પાકિસ્તાન તરફથી ખતરો રહેલો છે. પાકિસ્તાન અંકુશરેખા નજીક ફરીથી આતંકવાદી કાવતરા ઘડી શકે છે. પાકિસ્તાન સમર્પિત ૩૦૦થી વધારે ત્રાસવાદી અંકુશરેખા નજીક બનેલા ટેરર લોંચ પેડ મારફતે ભારતીય સરહદની અંદર ઘુસણખોરી કરવાના પ્રયાસ કરવા ઈચ્છુક છે. આ વર્ષે પહેલી જાન્યુઆરી બાદથી ઘુસણખોરીના ૬૬ પ્રયાસો થઈ ચુક્યા છે. હાલની ઘુસણખોરીની ઘટના નવગામ સેક્ટરમાં થઈ હતી જ્યારે ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. સૈનિકોને પણ પ્રાણોની આહૂતિ આપી હતી.

## બ્લાસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે પણ માહિતી આપતા કહ્યુ છે કે આ એક ત્રાસવાદી હુમલો હતો. બ્લાસ્ટ થયા બાદ અમેરિકી પોપ સ્ટાર અરિયાના ગ્રાન્ડે બિલકુલ સુરક્ષિત હોવાના હેવાલ મળ્યા છે. પોલીસને આશંકા છે કે આત્મઘાતી બોમ્બર દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. જે સમય બ્લાસ્ટ કરવામાં આવ્યો ત્યારે અરિયાના પરફોર્મ કરી રહી હતી. આ બનાવના સંબંધમાં પુરતી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આ બ્લાસ્ટના કારણે ફરી એકવાર દુનિયા હચમચી ઉઠી છે. નજરે જોનાર સાક્ષીઓએ વિગત આપતા કહ્યુ છે કે બે પ્રચંડ બ્લાસ્ટના અવાજ સંભળાયા હતા. બ્લાસ્ટ બાદ ચારેબાજુ અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. લંડન પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રાત્રે ૧૦.૩૫ વાગ્યાની આસપાસ બ્લાસ્ટ થયો હતો. હજુ સુધી ૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. ૫૦ લોકો ઘાયલ થયા છે. ઘાયલ પૈકી કેટલાકની હાલત હોસ્પિટલમાં ગંભીર જણાવવામાં આવી છે. ઓલિવર જોન્સ નામની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે બ્લાસ્ટ થયા બાદ ચાહકોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાને લઈને કેટલાક વિડિયો પણ સપાટી પર આવ્યા છે. જેમાં લોકોમાં દહેશત સ્પષ્ટપણે દેખાય છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ખુબ શક્તિશાળી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. બીજા બાજુ ૨૩ વર્ષીય પોપ સ્ટાર અરિયાના ગ્રાન્ડેના પ્રવકતાએ કહ્યુ છે કે અરિયાના બિલકુલ સુરક્ષિત છે. દરમિયાન સમગ્ર બ્રિટનમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. પોલીસે માહિતી આપતા લોકોને ચેતવણી આપી છે કે હાલમાં માનચેસ્ટર અરિનાની આસપાસના વિસ્તારોમાં લોકો ઉભા ન રહે. પોલીસે અરિનાની આસપાસના સ્ટેશન, વિક્ટોરિયા સ્ટેશનને ખાલી કરાવીને શોધખોળ હાથ ધરી છે. હાલમાં તમામ ટ્રેનોને બંધ રાખવામાં આવી છે. બ્રિટનમાં વડાપ્રધાન ટેરિસા મેએ આ હુમલાને વખોડી કાઢીને આની નિંદા કરી છે. તેમણે પોતાના નિવેદનમાં કહ્યુ છે કે બ્લાસ્ટના સંબંધમાં તપાસ ચાલી રહી છે. પોલીસ આને ભીષણ ત્રાસવાદી હુમલા તરીકે ગણીને તપાસ કરી રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે માનચેસ્ટર અરિના યુરોપના સૌથી મોટા ઈન્ડોર સ્ટેડિયમ તરીકે છે. આની શરૂઆત વર્ષ ૧૯૯૫માં કરવામાં આવી હતી.